

# ડ્રાફ્ટનો સારાંશ
# નવો લોકલ પ્લાન

Ealing
www.ealing.gov.uk

SHAPING EALING

Your Local Plan

આગામી થોડા મહિનામાં ઇલિંગને આકાર આપવા માટે અને અમારા નવા લોકલ પ્લાનમાં સામેલ થવાની વધુ તકો મળશે. અપડેટ્સ મેળવવા માટે બસ અમારી વેબસાઇટ પર નોંધણી કરાવો: **www.Ealing.gov.uk**

શેપિંગ Ealing વિશે વધુ માહિતી માટે મુલાકાત લો **www.ealing.gov.uk/shapingealing**

# ડોક્યુમેન્ટની વિષયવસ્તુ


**પરામર્શ કેવી રીતે આપવો પ્રતિભાવ** 03
**લોકલ પ્લાન શું છે?** 04
**અમારો ધ્યેય** 05

**ટાઉન પ્લાન્સ:**
Acton ટાઉન પ્લાન 08
Ealing ટાઉન પ્લાન 10
Greenford ટાઉન પ્લાન 12
Hanwell ટાઉન પ્લાન 14
Northolt ટાઉન પ્લાન 16
Perivale ટાઉન પ્લાન 18
Southall ટાઉન પ્લાન 20

અમારા ટૂંકા સર્વેમાં ભાગ લો! 23

## આ ડોક્યુમેન્ટ શું છે?

આ ડ્રાફ્ટ નવા લોકલ પ્લાનના મુખ્ય ડોક્યુમેન્ટનું સારાંશ ડોક્યુમેન્ટ છે. કૃપા કરીને નોંધ લેવી કે આ ડોક્યુમેન્ટમાં વિકાસને માર્ગદર્શન આપતી નીતિઓનો સમાવેશ થતો નથી.

તમે નીતિઓ સાથે સંપૂર્ણ ડોક્યુમેન્ટ **અહીં** મેળવી શકો છો.

## પરામર્શનો પ્રતિસાદ કેવી રીતે આપવો

અમે 25મી જાન્યુઆરી 2023 સુધીમાં લોકલ પ્લાન પર ટિપ્પણીઓ કરવા માટે ઇલિંગના ભવિષ્યમાં રસ ધરાવતા દરેકને આમંત્રિત કરીએ છીએ.

સંપૂર્ણ ડ્રાફ્ટમાં નવા લોકલ પ્લાનના ડોક્યુમેન્ટની અંદર અમે નીતિઓ હેઠળ અમારી દરખાસ્તો પર પ્રતિસાદ માંગવા માટે પ્રશ્નો મૂક્યા છે. પરામર્શના પ્રશ્નો ઇન્ટરેક્ટિવ છે, જે તમને દરેક પ્રશ્નની લિંક પર ક્લિક કરવાથી ઓનલાઈન જવાબ આપવા દેશે.

ઇમેઇલ, મેઇલ અને વ્યક્તિગત ઇવેન્ટ્સ દ્વારા પરામર્શનો પ્રતિસાદ આપવા માટે વધારાની રીતો આપેલી છે.

તમે ડ્રાફ્ટ નવા લોકલ પ્લાનના ડોક્યુમેન્ટ, અને આધારભૂત દસ્તાવેજો સહિત, આ પરામર્શને લગતી તમામ માહિતી, કાઉન્સિલની વેબસાઇટ પરથી મેળવી શકશો.

ડ્રાફ્ટ નવા લોકલ પ્લાનની હાર્ડ કોપીઓ 14 ઉક્સબ્રિજ Rd (W5 2HL) ખાતેની Ealing કાઉન્સિલ ઑફિસમાં અને સમગ્ર નગરની લાઇબ્રેરીઓમાં પણ ઉપલબ્ધ છે.

### લિંક્સ

શેપિંગ Ealing રિપોર્ટ પર વધુ માહિતી માટે **અહીં ક્લિક કરો**.

લોકલ પ્લાન અને સહાયક દસ્તાવેજો વિશે વધુ માહિતી માટે **અહીં ક્લિક કરો**.

## લોકલ પ્લાન શું છે?

લોકલ પ્લાન્સ Ealing ની સીમામાં ભાવિ વિકાસને આકાર આપે છે અને માર્ગદર્શન આપે છે. Ealing ના નવા લોકલ પ્લાનને ચાર મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવેલ છે:

— અવકાશી વ્યૂહરચના જે નગરો માટે એકંદર ધ્યેય અને તેને કેવી રીતે પહોંચાડવામાં આવશે તે નક્કી કરે છે.

— સાત ટાઉન પ્લાન્સનો સંગ્રહ જે સમજાવે છે કે જ્યાં નવા વિકાસની સંભાવના હોય એવી 118 ડેવલોપમેન્ટ સાઇટ્સ અથવા સ્થાનો સહિત, આને વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે પહોંચાડવામાં આવશે.

— વિકાસ પ્રબંધનની નીતિઓનો સમૂહ જે હાલની London પ્લાન નીતિઓ માટે પૂરક બનીને અથવા નવી લોકલ નીતિ નક્કી કરીને આયોજન લાગુ કરવાના નિર્ધારણને માર્ગદર્શન આપવામાં મદદ કરશે.

— એક નીતિનો નકશો કે જે કોઈપણ સાઇટ-વિશિષ્ટ નીતિઓને નકશાના સ્વરૂપમાં દર્શાવે છે.

આ લોકલ પ્લાન London પ્લાનના એકંદર સંદર્ભમાં કાર્યરત હોવો જોઈએ જે ભવિષ્યમાં London કેવી રીતે વિકાસ કરશે તે માટેનું માળખું નિર્ધારિત કરે છે અને તે Ealing ના ડેવલોપમેન્ટ પ્લાનનો એક ભાગ છે.



**ચિત્ર:** Ealing નો એરિયલ વ્યૂ

# અમારું ધ્યેય

Ealing નું 15-વર્ષનું ધ્યેય Ealing ના સાત નગરો પૈકી દરેકની અનન્ય લાક્ષણિકતાઓ અને સાંસ્કૃતિક ઓળખમાં સુધારો કરવા માંગે છે અને કાઉન્સિલ પ્લાનમાં ત્રણ મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યોને પ્રતિબિંબિત કરે છે:



**ચિત્ર:** નગરમાં સક્રિય મુસાફરીનું મહત્વ.

## સારી નોકરીઓનું સર્જન અને વિકાસ:

Ealing એ West London ની નવી અર્થવ્યવસ્થાનું એન્જિન બનશે. અમે જીવનનિર્વાહની ઉચિત આવક આપે એવી નોકરીઓ માટે વાજબી અને સમાન ઍક્સેસ પૂરો પાડવા માટે વૃદ્ધિ લાવીશું. વૃદ્ધિ ખરેખર પોસાય તેવા ઘર અને પરવડે તેવા વર્કસ્પેસને સમર્થન આપશે. અમે Ealing માં સર્વસમાવેશક હોય એવી  વૃદ્ધિ ઈચ્છીએ છીએ જ્યાં લોકો વિકાસમાં ફાળો આપી શકે અને લાભ મેળવી શકે છે. Ealing પોતાના વ્યવસાયિક ક્ષેત્રોમાં વૃદ્ધિ કરશે અને વૈવિધ્યીકરણ લાવશે, અને તેના ઔદ્યોગિક વિસ્તારો, સર્જનાત્મક ઉદ્યોગો અને રાત્રિ-સમયના અર્થતંત્રની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે. અમે આ પણ કરીશું:

— જમીનના કાર્યક્ષમ ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે સ્થિર સ્થળોનો સીધો વિકાસ.

— લંડન પ્લાન હાઉસિંગ સપ્લાય લક્ષ્યાંકો પૂરા કરવા (50% એફોર્ડેબલ હાઉસિંગ સાથે).

— સારી રચના અને સગવડતાને પ્રોત્સાહન આપવું.

— વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે વ્યૂહાત્મક અભિગમ અપનાવવો.

— ઊંચી ઇમારતો માટે યોગ્ય વિસ્તારો ઓળખવા અને એવા ફેરફારો કરવા કે જે ગુણવત્તા ઉમેરે અને Ealing ના ગુણ અને સ્થાન-નિર્માણની મહત્વાકાંક્ષાઓને પૂરક બને.

— જરૂરી ભૌતિક, સામાજિક અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જોગવાઈ કરવી.

— આપણા ટાઉન સેન્ટર્સની કાર્યક્ષમતા અને જોમને જાળવી રાખવા.

— સાચા અર્થમાં મિશ્રિત, સમાવેશી સમુદાયોમાં નવા ઘર પૂરા પાડવા.

— સંસ્કૃતિ અને રચનાત્મક ઉદ્યોગોને સમર્થન આપવું.

— નવી કોમ્યુનિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેવી (CIL) સહિત, આયોજનની જવાબદારીઓ પર ભાવિ વાટાઘાટો માટે સ્પષ્ટ માળખું બનાવવું.

— સ્થાનિક લોકોને ફાયદો થાય તે માટે કોમ્યુનિટી લેન્ડ ટ્રસ્ટો સહિત જાહેર ઉપયોગ માટે મહત્વપૂર્ણ જાહેર સંપત્તિઓ અને ઇમારતોને જાળવી રાખે એવા સર્વસમાવેશક અર્થતંત્રને સમર્થન આપવું.

## આબોહવા સંકટનો ઉકેલ લાવવો:

Ealing નવા વિકાસના લાભોને નગરોના ક્ષેત્રોમાં વધુ સમાનરૂપે ફેલાવવા પ્રયત્ન કરશે Ealing નગરો વચ્ચે 20-મિનિટના ક્ષેત્રો બનાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરશે, જ્યાં મોટાભાગની રોજિંદી જરૂરિયાતો થોડું ચાલીને અથવા સાયકલ પર જઈને પૂરી કરી શકાય છે. Ealing સ્વચ્છ, હરિયાળું અને વધુ સ્થાયી બનશે. અમે આ પણ કરીશું:

— જમીનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો અને વધુ સ્થાયી પરિવહનમાં રોકાણ કરવું.

— કચરાનું વ્યવસ્થાપન કરવું અને વધુ સ્વ-કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું.

— નવી ટેકનોલોજીમાં વધુ ઊર્જા કાર્યક્ષમતા અને રોકાણને પ્રોત્સાહન આપવું.

— મજબુતતા લાવવી અને બદલાતા વાતાવરણને અનુકુળ થવું.

— ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નેટવર્કની જાળવણી, તેમાં સુધારો અને વિસ્તરણ.

— મજબૂત સમાવેશી સમુદાયો વિકસાવવામાં મદદ કરવા માટે સામુદાયિક સુવિધાઓનું રક્ષણ અને તેમાં સુધારો કરવો અને સામાજિક એકીકરણ, એકતા અને નાગરિક ગૌરવમાં ફાળો આપવો.

— નવી અને સુધારેલી સામાજિક અને સામુદાયિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી.

— જરૂરિયાતો પૂરી કરવા અને સમુદાય કેન્દ્રો જેવી જરૂરી નવી સામાજિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનું સુનિશ્ચિત કરવા માટે હાલની સામાજિક માળખાકીય સુવિધાઓની સુરક્ષા, સુધારણા અને સુવિધા પૂરી પાડવી.

**પુનર્નિર્માણ અને નવો વિકાસ માત્ર તો જ સ્વીકાર્ય રહેશે જો આરોગ્ય અને સુખાકારીના પરિણામોને પ્રાથમિકતા આપવામાં આવે છે.**



**ચિત્ર:** Uxbridge Road, Ealing.

## અસમાનતા સામે લડવું:

બાળકો અને યુવાનોને જીવનની સારી શરૂઆત મળવી જોઈએ, અને અપરાધ અને અસમાનતાથી મુક્ત દરેક વ્યક્તિ લાંબા, સ્વસ્થ જીવનનો આનંદ માણી શકવા જોઈએ. અમે આ પણ કરીશું:

- હવાની ગુણવત્તામાં સુધારો કરીને સ્વસ્થ જીવનને સમર્થન આપવું અને આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવા માટે કામ કરવું.
- દૈનિક જરૂરિયાતોને પહોંચીવળવા માટે વધુ સારા અને સરળ ઍક્સેસને સુનિશ્ચિત કરવા માટે 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવો.
- વિકાસ માટે રચનાના ઉચ્ચ ધોરણો માટે પ્રતિબદ્ધ રહેવું.
- રમતગમત અને મનોરંજન સુવિધાઓ માટે પૂરતો પુરવઠો અને સુધારેલો પ્રવેશ જાળવી રાખવો.
- સ્વાસ્થ્ય પ્રભાવના મૂલ્યાંકનનો અમલ કરવો.
- આરોગ્યની માળખાકીય જરૂરિયાતો અને વિશેષ આવાસ જરૂરિયાતોને પૂરી કરવી.
- લીલી અને ખુલ્લી જગ્યા સુધીની પહોંચને વધુ સારી બનાવવી.
- આરોગ્ય સંભાળ અને અન્ય સેવાઓની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા માટે NHS અને અન્ય સેવા પ્રદાતાઓ સાથે મળીને કામ કરવું.
- જિપ્સી, રોમા અને પ્રવાસીઓની આવાસની જરૂરિયાતો પૂરી કરવી, જેમાં સમર્પિત ટ્રાન્ઝિટ સાઇટના નિર્માણનો સમાવેશ થાય છે.



**ચિત્ર:** સંવેદનશીલ રહેવાસીઓની સહાયતા.

# Acton ટાઉન પ્લાન

એક્ટન એ સૌથી વધુ વૈવિધ્યસભર નગરો પૈકીનું એક નગર છે; તેમાં ઘણાં જુદા-જુદા ટાઉન સેન્ટર્સ અને અસંખ્ય ઔદ્યોગિક વિસ્તારોનો સમાવેશ થાય છે. તે Old Oak અને Park Royal ખાતે UK ના સૌથી મોટા રિજનરેશન ઝોન માટે દક્ષિણ પ્રવેશદ્વારનું નિર્માણ કરે છે જેમાં 2030 સુધીમાં નવા હાઇ સ્પીડ 2 ટર્મિનસનો સમાવેશ થશે. તેને A40 અને Uxbridge રોડની નિકટતાનો પણ ફાયદો મળે છે. Acton તેના રહેવાસીઓ માટે મિશ્ર સામાજિક-આર્થિક પરિણામો ધરાવે છે, જેમાં સમૃદ્ધિના વિસ્તારોની બાજુમાં જ ઊંડી વંચિતતા છે.

Acton નું સ્થાન કનેક્ટિવિટી (સાત રેલ અને ટ્યુબ સ્ટેશન) નો લાભ હોવાથી ઉત્કૃષ્ટ છે. વિકાસના નોંધપાત્ર સ્તરોને સમાવવા માટે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર આયોજિત રોકાણ થયેલ છે ખાસ કરીને તેના નગર કેન્દ્રો અને ઔદ્યોગિક વિસ્તારોમાં જ્યાં ઉચ્ચ ઘનતાના રોજગારના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં આવશે. તે એક ક્રિએટિવ એન્ટરપ્રાઇઝનું ઘર પણ છે નગરની અંદર પોસાય તેના કાર્યસ્થળ મળેવવા માટે ઝોન (CEZ) જેનો ઉદ્દેશ્ય કલાકારો અને નવા સર્જનાત્મક વ્યવસાયોને સમર્થન આપવાનો છે.

**શેપિંગ Ealing સર્વે દ્વારા તમે અમને શું કહ્યું છે**

Acton ના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, હવાની ગુણવત્તા, અને સમર્પિત વૉકિંગ અને સાયકલિંગ માર્ગોના અભાવ વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા જાહેર પરિવહન, સામુદાયિક સંકલન અને સ્વચ્છ, સલામત ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓને વધુ ઉચ્ચ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Acton માટે ધ્યેય:


### નોકરીઓ અને વૃદ્ધિ:

Acton મેઇન લાઇન સ્ટેશન પર એલિઝાબેથ લાઇનના આગમન અને ઓલ્ડ ઓક કોમન HS2 સ્ટેશન પર ભાવિ ઇન્ટરચેન્જ દ્વારા આ ક્ષેત્રમાં આર્થિક તકોનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. Acton ટાઉન, Acton મેઇન લાઇન, Acton સેન્ટ્રલ અને સાઉથ Acton સહિત હાલના ટ્રાન્સપોર્ટ ઇન્ટરચેન્જની આસપાસ વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

Acton ના (આહાર, ઉત્પાદન, જથ્થાબંધ, પરિવહન, અને સંગ્રહમાં વિશેષતા સાથે) ઔદ્યોગિક આધારને યોગ્ય ઔદ્યોગિક સ્થળોના વિકાસ અને સઘનતા દ્વારા સમર્થન આપવામાં આવશે અને સુધારણા કરવામાં આવશે. અમે Acton ની વ્યવસાયિક વિશેષતાઓ અને જ્ઞાન સઘન પ્રવૃત્તિ વિકસાવવાનો પણ પ્રસ્તાવ આપીએ છીએ. અમે પરવડે તેવા કાર્યસ્થળોની જોગવાઈને સમર્થન આપીશું, અને આ ક્ષેત્રમાં કૌશલ્ય, રોજગાર અને શિક્ષણની તકો સાથે રહેવાસીઓને સમર્થન આપીશું.



**ચિત્ર:** લોકો સહયોગપૂર્વક કામ કરે છે.



સમયસર અને અસરકારક ઉચ્ચ-ગુણવત્તાવાળી રચના ઓલ્ડ ઓક અને પાર્ક રોયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (OPDC) અને અન્ય મુખ્ય હિસ્સેદારો સાથે ભાગીદારીથી કામ કરીને, નોર્થ Acton સ્ટેશનની આસપાસના નોંધપાત્ર વિકાસથી ઉદ્ભવતી તકોને મહત્તમ બનાવીને, અને વ્યવસાયો, જમીન માલિકો અને વિકાસકર્તાઓ સાથે મળીને કામ કરીને હાંસલ કરવામાં આવશે.

હેરિટેજ એક્શન ઝોન બનાવવા જેવા પગલાં દ્વારા Acton ટાઉન સેન્ટર ખાતે ઐતિહાસિક હાર્દના સંરક્ષણ અને સુધારણા સહિત Acton ની ઓળખ જાળવી રાખવામાં આવશે અને તેને મજબૂત બનવવામાં આવશે..

વંચિતતાનો સામનો કરવા માટે વધુ યથાર્થપણે પરવડે તેવા આવાસ બનાવવામાં આવશે, ખાસ કરીને Acton સેન્ટ્રલ, સાઉથ Acton, અને ઇસ્ટ Acton માં.

## ટાઉન સેન્ટર્સ:

વચગાળાના ઉપયોગો અને પોપ-અપ્સ દ્વારા છૂટક એકમોમાં ખાલી જગ્યાના ઉચ્ચ દરોનો ઉકેલ લાવીને, Acton ટાઉન સેન્ટર અને ઇસ્ટ Acton નેબરહુડ સેન્ટરમાં નવા મિશ્ર-ઉપયોગના વિકાસ દ્વારા સુધારો કરવામાં આવશે, અને Acton ટાઉનને ઐતિહાસિક કેન્દ્ર તરીકે સુધારવામાં આવશે અને તેનું સંરક્ષણ કરવામાં આવશે.

Acton મેઇન લાઇન સ્ટેશન પર એક નવું નેબરહુડ સેન્ટર બનાવવામાં આવશે, નવા ઘરો, પરવડે તેવા કાર્યસ્થળો, જાહેર જગ્યાઓ અને ફ્રાયરી પાર્કમાં ગ્રીન સ્પેસમાં સુધારાઓ કરવામાં આવશે.

સાઉથ Acton ખાતે રહેણાંકની દોરવણી હેઠળ અને યોગ્ય ઔદ્યોગિક સ્થળોની સુરક્ષા અને સઘનતાની જોગવાઈ સાથે પુનર્નિર્માણ ચાલુ રહેશે.

મિશ્ર ઉપયોગના વિકાસ અને જાહેર ક્ષેત્રમાં સુધારા દ્વારા East Acton નેબરહુડ સેન્ટરમાં સુધારાઓ કરવામાં આવશે.

Acton માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

## પરિવહન:

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

બગીચાઓ અને લીલી જગ્યાઓ વચ્ચે સુરક્ષિત, સ્વચ્છ અને હરિયાળી સાયકલ લેન, રૂટ્સ અને કનેક્ટિવિટી.

રસ્તાના વધુ સરળ લેઆઉટ, અને સુધારેલા ક્રોસિંગવાળી વધુ પેવમેન્ટ જગ્યા સાથે, A40 અને Uxbridge રોડ સાથે London અને નેશનલ રેલ જમીન અને ગ્રીનિંગ માટે ઉપયોગ નહીં થયેલા પરિવહન સાથે વન્યજીવન કોરિડોર બનાવવું.

## આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ:

GP ક્ષમતાને સુધારીને, અને A40 અને Uxbridge રોડ જેવા વ્યસ્ત રસ્તાઓ સાથે હરિયાળી અને ખુલ્લી જગ્યાઓ, બાળકોના રમવાની જગ્યાઓ, રહેવાની સ્થિતિ સહિત આરોગ્ય અને માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવામાં આવશે.




**ચિત્ર:** Acton માર્કેટ, કિંગ સ્ટ્રીટ.

**સર્વેક્ષણમાં ભાગ લો**

**અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો**



**ચિત્ર:** Ealing બ્રોડવે શોપિંગ સેન્ટર.

**23%**
**નગરની વસ્તી**
**EALING માંથી છે.**

## Ealing ટાઉન પ્લાન

Ealing એ નગરના એકમાત્ર મેટ્રોપોલિટન ટાઉન સેન્ટરનું કેન્દ્ર છે, તે દુકાનો, ઓફિસો અને નાગરિક કાર્યોની શ્રેણીવાળા વ્યવસાયિક હાર્દ સમાન છે જે સમગ્ર નગર અને બહારના લોકોને આકર્ષે છે. Ealing એ અનેક વિશિષ્ટ અને ઐતિહાસિક ક્ષેત્રો અને ચૌદ સંરક્ષિત વિસ્તારોથી ઘેરાયેલું છે. તે નગરમાં જ્ઞાન સઘન રોજગારની સૌથી વધુ સંખ્યા ધરાવે છે, જેમાં Uxbridge રોડ કોરિડોર અને ટાઉન સેન્ટર સાથે નાણાકીય અને વ્યાવસાયિક સેવાઓમાં લગભગ 4,500 નોકરીઓનો સમાવેશ થાય છે.

તાજેતરના વર્ષોમાં સ્થાનિક વસ્તીની વૃદ્ધિ સ્થિર છે અને ઉચ્ચ પગારવાળી નોકરીઓમાં ઘટાડો થયો છે. પરિણામે, આ નવા લોકલ પ્લાનમાં ઉચ્ચ ઘનતાવાળા રહેણાંક અને રોજગાર વૃદ્ધિના નોંધપાત્ર સ્તરોને પ્રોત્સાહિત કરીને, Ealing મેટ્રોપોલિટન સેન્ટરની સામાજિક અને આર્થિક ભૂમિકાને તાજી અને મજબૂત કરવાની જરૂર પડશે. નવો લોકલ પ્લાન Ealing ના જ્ઞાન અર્થતંત્ર સમૂહ અને Uxbridge રોડ સાથેની પરિવહન લિંક્સ અને એલિઝાબેથ લાઇનના ઍક્સેસનો ઉપયોગ કરશે. Central London ની આ મુખ્ય લિંક્સનો ઉપયોગ કરવાથી નવા વેપાર, રહેઠાણ અને રોજગાર વૃદ્ધિ માટે ફાયદો મળશે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

Ealing ના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, હવાની ગુણવત્તા, અને તેમના શહેરમાં નોકરીની તકો વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા જાહેર પરિવહન, સામુદાયિક સંકલન અને સ્વચ્છ, સલામત ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓને વધુ ઉચ્ચ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Ealing માટે ધ્યેય

**નોકરીઓ અને વૃદ્ધિ:**

Ealing માં વૃદ્ધિ વધુ પોસાય તેવા આવાસ પૂરા પાડવા માટે, પોસાય તેવા કાર્યસ્થળોને જાળવી રાખીને સારા વેતનવાળી, જ્ઞાન-સઘન નોકરીઓ માટે એક હબ તરીકે Ealing બ્રોડવેનીઆર્થિક ઓળખને મજબૂત કરવા માટે તક પૂરી પાડે છે. વૃદ્ધિ A40, નોર્થ સર્ક્યુલર રોડ, Uxbridge રોડ, ન્યુ બ્રોડવે/ધ મોલ, અને અર્ગીલ રોડ સાથે શહેરી હરિયાળી વધારવાની તકો પૂરી પાડશે.

**ટાઉન સેન્ટર્સ:**

Ealing મેટ્રોપોલિટન સેન્ટર રહેણાંક અને રોજગારમાં નોંધપાત્ર વૃદ્ધિ માટેનું સ્થાન હશે, જેમાં ઓફિસો, દુકાનો, આવાસ પૂરા પાડવાનો સમાવેશ થાય છે અને આરોગ્યસંભાળ સુવિધાઓ, લીલી ખુલ્લી જગ્યાઓ અને હવાની ગુણવત્તા જેવા સુધારાઓ કરવામાં આવશે.

પિટશેંગર લેનનાની આસપાસના કેન્દ્રના સામુદાયિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફુરસત અને દુકાનના ઉપયોગો સહિત, North Ealing ની જાળવણી અને સુધારણા કરવામાં આવશે. ઉદ્યોગ અને નોકરીઓની સંખ્યા વધારવામાં મદદ કરવા માટે હેન્ગર લેન જીરેટરીના વ્યૂહાત્મક ઔદ્યોગિક સ્થાનને સ્થાનિક રીતે નોંધપાત્ર ઔદ્યોગિક સ્થળ તરીકે ફરીથી ડિઝાઇન કરવામાં આવશે.

South Ealing અને Ealing Common ની જાળવણી કરવામાં આવશે અને સમુદાય સુવિધાઓ, ખરીદી અને મુસાફરી તેમજ ગ્રીન નેટવર્ક જેવા સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરીને તેને મજબૂત બનાવવામાં આવશે.

Ealing માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

**પરિવહન:**

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

સક્રિય મુસાફરી કનેક્શન્સમાં સુધારો કરવો, ખાસ કરીને ડ્રેટન ગ્રીન રોડ, આર્ગીલ રોડ અને કેસલબાર રોડ માટે.

Hanwell અને Acton ને જોડતા Uxbridge રોડ સાથે સલામત અને સતત સાયકલ માર્ગ સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક અને સાયકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરીને વ્યવસ્થાપિત કરવામાં આવશે.

TFL અને નેશનલ રેલ સાઇડિંગ્સ પર વાઇલ્ડલાઇફ કોરિડોરને અપગ્રેડ કરવું અને પિટશેંગર લેન, South Ealing અને નોર્થફિલ્ડ્સની આસપાસ જાહેર જગ્યાઓ અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો.

## સર્વેક્ષણમાં ભાગ લો

અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો

## વિકાસને નવી તકો સાથે વર્તમાન શક્તિઓને જોડવી જોઈએ.




**ચિત્ર:** એલિઝાબેથ લાઇન સુધી પહોંચ.

# Greenford ટાઉન પ્લાન

Greenford એ ઉપનગરીય વિસ્તાર છે જેનો દક્ષિણમાં ઐતિહાસિક નગર અને ઉત્તરમાં નહેર બાજુના ઉદ્યોગની આસપાસ આંતર-યુદ્ધના સમયગાળા દરમિયાન વિકસિત થયો હતો. આ નગર Greenford ટાઉન સેન્ટરની ઉત્તરે વિવિધ સ્થાનિક કેન્દ્રોથી બનેલું છે. આમાં વેસ્ટવે ક્રોસ, Greenford સ્ટેશન અને સડબરી હિલના ક્ષેત્રો અને સ્થાનિક કેન્દ્રોનો સમાવેશ થાય છે જે ખાદ્ય સંસ્થાઓ અને દુકાનોની શ્રેણી રજૂ કરે છે. Greenford ને હોર્સેન્ડેન હિલ અને રેવેનોર પાર્ક, ગ્રાન્ડ યુનિયન કેનાલ અને રિવર બ્રેન્ટ જેવા ઉચ્ચ ગુણવત્તાવાળા લીલા સ્થળોથી પણ લાભ મળે છે. Greenford એ મૂલ્યવાન ઔદ્યોગિક જમીનથી બનેલું છે. તે નવીન તકનીક, લોજિસ્ટિક્સ, ઉત્પાદન અને ખાદ્ય વ્યવસાયોની શ્રેણી સાથે એક મુખ્ય રોજગાર ક્ષેત્ર છે જે સ્થાનિક નોકરીઓ પૂરી પાડવાની સાથોસાથ કામદારોને Greenford તરફ આકર્ષિત કરે છે. આ શહેરમાં London અંડરગ્રાઉન્ડ અને નેશનલ રેલ સેવાઓ દ્વારા Central London અને Heathrow સાથે પરિવહન લિંક્સ છે.

Greenford એ તાજેતરના દાયકાઓમાં વિકાસ અને રોકાણના મધ્યમ સ્તરો જોયા છે, ખાસ કરીને જ્યારે Southall, Ealing અને Acton સાથે સરખામણી કરવામાં આવે ત્યારે. પોતાના પડકારો હોવા છતાં, Greenford ને નવા વિકાસના નોંધપાત્ર સ્તરોને સમાવવાની મોટી સંભાવનાઓ તરીકે ઓળખવામાં આવે છે. Greenford એ પશ્ચિમ London માં રોકાણ માટે ઇનોવેશન હબ બનશે જે હાઇ-ટેક બિઝનેસની સંખ્યામાં આકર્ષણ અને વૃદ્ધિને વેગ આપવામાં મદદ કરશે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

ગ્રીનફોર્ડના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, આ વિસ્તારમાં દુકાનો અને ફુરસતની સુવિધાઓની શ્રેણી, હવાની ગુણવત્તા અને સ્થાનિક નોકરીની તકોના અભાવ વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Greenford માટે ધ્યેય:

### નોકરીઓ અને વૃદ્ધિ:

મધ્યમ મિશ્ર-ઉપયોગનો વિકાસ શ્રેષ્ઠ જોડાણના ક્ષેત્રો તરફ દોરી જશે, જ્યારે જાહેર પરિવહનની વધુ સારી સુલભતા, અને સલામત અને વધુ આકર્ષક સક્રિય મુસાફરી માર્ગો દ્વારા રોકાણથી અવરજવર અને સલામતી માટેના અવરોધોને દૂર કરશે, તેમજ શહેરી હરિયાળી અને માર્ગ સલામતીના પગલાં દરેક માટે મુસાફરીમાં સુધારો કરશે.

વધારાની અને વિવિધ પ્રકારની રોજગારની જમીન પૂરી પાડવા માટે, અને તેઓ વિવિધ જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે તેની ખાતરી કરવા માટે વધુ રોજગારની જગ્યાઓનું રક્ષણ અને વિકાસ કરીને, તકો શોધીને વ્યવસાયોને શરૂ કરવા, વધવા અને સમૃદ્ધ બનાવવા માટે યોગ્ય અને પરવડે તેવા કાર્યસ્થળો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું.



**ચિત્ર:** Brompton સાયકલના કર્મચારી.

**7% તમામ નોકરીઓ પૈકી GREENFORD માં હાઇ ટેક મેન્યુફેક્ચરિંગમાં છે.**

## ટાઉન સેન્ટર્સ:

જમીનનો ઉપયોગ સુધારવો જેમ કે દુકાનોની ગુણવત્તા, મિશ્ર ઉપયોગ માટે સાઇટ્સનો પુનઃવિકાસ કરવો, ખાલી મિલકતોનો ઉકેલ લાવવો અને Greenford ડિસ્ટ્રિક્ટ સેન્ટરના વારસાને સાચવવો, તેમજ ઉચ્ચ-ગુણવત્તાવાળા સમુદાય અને ફુરસતની સુવિધાઓને પ્રોત્સાહન આપવું.

વેસ્ટવે ક્રોસ નેબરહુડ સેન્ટર છૂટક, ખાણી-પીણીના વિકલ્પોની શ્રેણી રજૂ કરવાનું ચાલુ રાખશે અને જમીનના કાર્યક્ષમ ઉપયોગની શોધ કરવામાં આવશે. ત્યાં પેરેડાઇઝ ફિલ્ડ્સ, હોર્સેન્ડન હિલ પર કનેક્ટિવિટી અને સાઇનપોસ્ટિંગમાં સુધારાઓ કરવામાં આવશે.

સ્ટેશનની આસપાસ મિશ્ર-ઉપયોગના વિકાસના મધ્યમ સ્તરને પ્રોત્સાહન આપીને, શોપફ્રન્ટ્સને અપગ્રેડ કરીને, વિવિધ પ્રકારના છૂટક વેપારો, અને કોમર્શિયલ અને ફુરસતના વિકલ્પો લાવીને સડબરી હિલ નેબરહુડ સેન્ટરને સુધારવામાં આવશે.

Greenford સ્ટેશન લોકલ સેન્ટરને મિશ્ર-ઉપયોગના વિકાસના મધ્યમ સ્તરને પ્રોત્સાહન આપીને અને વિવિધ પ્રકારના છૂટક, ફુરસત અને સામુદાયિક ઉપયોગો લાવીને સુધારવામાં આવશે.

Greenford માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

## પરિવહન:

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

એલિઝાબેથ લાઇન અને રેલ સેવાઓના જોડાણોનો ઉપયોગ કરીને Greenford ની અંદર, Ealing ના અન્ય ભાગો અને પડોશી નગરો અને તેની બહારની કનેક્ટિવિટી સુધારવી.

ગ્રાન્ડ યુનિયન કેનાલ, રેલ્વે લાઇન અને A40 પર ટાઉન સેન્ટર્સ, લીલી જગ્યાઓ અને ક્રોસિંગ સુધી શાળાઓ, રહેણાંક અને રોજગારના વિસ્તારોમાંથી માર્ગોમાં સુધારો કરવો.

ગ્રીનફોર્ડ રોડ સાથે અને A40 ની ઉત્તર અને દક્ષિણ વચ્ચે વૉકિંગ, સાઇકલિંગ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ રૂટમાં સુધારો કરવો.

સક્રિય ટ્રાવેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવું જેમ કે બાઇક રેક્સ અને સુલભતામાં સુધારો કરવો, ગ્રાન્ડ યુનિયન કેનાલના ઓછા ઉપયોગમાં લેવાતા ભાગો માટે સુરક્ષા અને લેન્ડસ્કેપિંગમાં ગુણવત્તા લાવવી જેથી તેઓ આકર્ષક, સલામત માર્ગો બને.

## આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ:

ગ્રાન્ડ યુનિયન કેનાલ જેવી લીલી ખુલ્લી જગ્યાઓ અને પાણીની અસ્કયામતો જેવા મનોરંજન અને ફુરસતમાં રોકાણ કરીને સ્વાસ્થ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થશે, આ જગ્યાઓ માટે સુલભતા, માર્ગ શોધવામાં અને સંકેતો સુધારવાથી સમુદાયોને એકસાથે આવવાની તકો મળશે અને સલામતીની લાગણીમાં વધારો થશે.

નવી, સુધારેલી અથવા બદલેલી આરોગ્યસંભાળ સુવિધાઓ, સમુદાય, સંસ્કૃતિ અને ફુરસતની સુવિધાઓ હોવાથી Greenford એક મજબૂત, સ્વસ્થ સમુદાય બનશે. હેરિટેજ અસ્કયામતોના ભાવિ સમારકામ, પુનઃઉપયોગ અને લાંબા ગાળાના અસ્તિત્વને સુરક્ષિત રાખવા માટે પગલાં લેવામાં આવશે.

નવા વિકાસ અને વૃક્ષારોપણની યોજનાઓ દ્વારા શહેરી હરિયાળી લાવવામાં આવશે, જેનાથી નબળી હવાની ગુણવત્તાને દૂર કરવામાં અને સ્થાનિક આરોગ્ય પરિણામોને સુધારવામાં મદદ મળશે.




**ચિત્ર:** ધી બ્રોડવે, Greenford.

**સર્વેક્ષણમાં ભાગ લો**

**અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો**



**ચિત્ર:** હેનવેલ ટાઉન સેન્ટર, Uxbridge રોડ.



**ચિત્ર:** રોજગારીની તકોમાં સુધારો કરવો.

# Hanwell ટાઉન પ્લાન

Hanwell માં Hanwell કોમ્યુનિટી સેન્ટર, હર્મિટેજ અને સેન્ટ મેરી ચર્ચ સહિતની ઐતિહાસિક સંપત્તિનો સમાવેશ થાય છે. ટાઉન સેન્ટર સ્વતંત્ર અને શૃંખલા વ્યવસાયો તરફથી ખોરાક, છૂટક વ્યવસાય અને સેવાઓની શ્રેણી પૂરી પાડે છે. લોઅર બોસ્ટન રોડ પર શોપિંગની હારમાળા છે અને બોસ્ટન રોડ પર સ્થાનિક સુવિધાઓ અને છૂટક વેચાણના વ્યવસાયો છે. હેનવેલ મૂલ્યવાન ખુલ્લી જગ્યાઓ પૂરી પાડે છે જેમ કે બ્રેન્ટ લોજ પાર્ક, અને ચર્ચફિલ્ડનું રિક્રિએશન ગ્રાઉન્ડ.

નવો વિકાસ રહેણાંકની આગેવાની હેઠળ હોવો જોઈએ અને ચાલવા અને સાયકલ ચલાવવા જેવી સ્થાનિક સક્રિય મુસાફરીની તકોને સુધારવામાં યોગદાન આપવો જોઈએ જેથી રહેણાંક વિસ્તારોને Hanwell ટાઉન સેન્ટર, તેના ટાઉન સેન્ટર્સ અને લીલી ખુલ્લી જગ્યાઓમાં વધુ સારી રીતે પ્રવેશ મળી શકે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

Hanwell ના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, હવાની ગુણવત્તા, અને તેમના નગરમાં દુકાનો અને ફુરસતની સુવિધાઓની શ્રેણી વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Hanwell માટે ધ્યેય:

**નોકરીઓ અને વૃદ્ધિ:**

ટાઉન સેન્ટરમાં વધુ છૂટક અને વાણિજ્યિક સુવિધાઓ પૂરી પાડીને અને નોંધપાત્ર મિશ્ર-ઉપયોગ અને હેરિટેજ-આધારિત ડેવલપમેન્ટ, અને ગ્રાન્ડ યુનિયન કેનાલ સાથે અને વોર્નક્લિફ વાયડક્ટની આસપાસ હેરિટેજ આધારિત નવજીવન આપીને સ્થાનિક હાઈ સ્ટ્રીટને પુનઃજીવિત કરીને વિકાસને સાર્વજનિક જગ્યાઓના સુધારા પર કેન્દ્રિત રાખવામાં આવશે.

રહેવાસીઓ માટે નવા ઘરો અને નોકરીઓ પૂરી પાડવા માટે એલિઝાબેથ લાઇનના આગમનથી તકો ઊભી થશે. વિસ્તારના હાલના ગુણનો ઉપયોગ કરવાથી વિકાસ અને હેરિટેજ અસ્કયામતોને પ્રોત્સાહિત કરવામાં જ્યારે માસ્ટરપ્લાન-આધારિત અભિગમ દ્વારા ટ્રમ્પર્સ વે વ્યૂહાત્મક ઔદ્યોગિક સાઇટ પર પરવડે તેવા કાર્યસ્થળો પૂરા પાડવામાં મદદ મળશે.

Uxbridge રોડ પર રહેણાંક, અને હેનવેલ સ્ટેશન અને Ealing હોસ્પિટલ ખાતે હબના વિકાસ માટે અને પોસાય તેવા આવાસ પૂરા પાડવા જેમ કે પ્રથમ વખત ખરીદનારાઓ, કામ કરતા લોકો અને ઓળખાયેલા વિશેષ આવાસ માટેની દરખાસ્તો છે.



**ચિત્ર:** હેનવેલ રેલ્વે સ્ટેશન પર એલિઝાબેથ લાઇન કનેક્શન.



**ચિત્ર:** ગ્રાન્ડ યુનિયન કેનાલ, હેનવેલ સાથે સાયકલ માર્ગો.

### ટાઉન સેન્ટર્સ:

Hanwell ડિસ્ટ્રિક્ટ સેન્ટરની સેવાઓ, રોજગાર, દુકાનો, ઘરોની શ્રેણીમાં સુધારો કરીને અને વિસ્તરણ કરીને અને પર્યાવરણીય સુધારાઓને અમલમાં મૂકીને સ્થાનિક સેવા અને રોજગાર હબ તરીકે જાળવણી અને વૃદ્ધિ કરવામાં આવશે.

Ealing હોસ્પિટલ અને તેની નજીકના ઔદ્યોગિક વિસ્તારોની આસપાસ મિશ્ર-ઉપયોગના વિકાસ માટેની તકો હશે.

Hanwell માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

## વિકાસને નવી તકો સાથે વર્તમાન શક્તિઓને જોડવી જોઈએ.

### પરિવહન:

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

Greenford ટાઉન સેન્ટર માટે જાહેર પરિવહન અને સક્રિય મુસાફરી માર્ગોને મજબૂત બનાવવા અને Greenford એવન્યુ જેવા સક્રિય પ્રવાસ માર્ગોમાં રોકાણ કરવું.

ટ્રમ્પર્સ વે ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટથી બ્રેન્ટ વેલી પાર્ક અને તેની સાર્વજનિક રીતે સુલભ જગ્યાઓમાં થઈને ગ્રીનફોર્ડ અને પેરીવેલ સુધી નવા સાયકલિંગ અને વૉકિંગ રૂટનો અમલ કરવો.

હેનવેલની આસપાસ અને તેની અંદર વ્યાપક પદયાત્રી નેટવર્કમાં આકર્ષક ગ્રીન અને કેનાલ નેટવર્ક રૂટ ઉમેરવા અને ગ્રાન્ડ યુનિયન કેનાલના ટોવપાથને પહોળો કરવો.

**સર્વેક્ષણમાં ભાગ લો**

**અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો**



**ચિત્ર:** નોર્થલા ફિલ્ડ્સ, Northolt.

# Northolt ટાઉન પ્લાન

Northolt વૈવિધ્યસભર છે અને બહુ-સાંસ્કૃતિક વસ્તી ધરાવે છે, જો કે રોકાણના અભાવે Northolt નગરના સૌથી વંચિત વિસ્તારો પૈકી એક તરીકે ફાળો આપે છે.

Northolt મોટાભાગે યુદ્ધ પછીની રહેણાંક વસાહતો અને ખુલ્લી જગ્યાઓથી બનેલું છે જેમાં નગરની પશ્ચિમે હરિયાળી ખુલ્લી જમીનના વિસ્તારો સુધી પહોંચ છે. ત્યાં Northolt વિલેજ ગ્રીન કન્ઝર્વેશન એરિયા પણ છે જેમાં સેન્ટ મેરી ચર્ચ સહિત બહુવિધ સૂચિબદ્ધ ઇમારતોનો સમાવેશ થાય છે.

Northolt અંડરગ્રાઉન્ડ સ્ટેશન અને Northolt પાર્ક સ્ટેશન (નેશનલ રેલ) બંને મધ્યસ્થ London ને કનેક્શન પૂરું પાડે છે, જો કે, A40 ની દક્ષિણના વિસ્તારો જાહેર પરિવહન ઍક્સેસનું નીચું સ્તર ધરાવે છે. ગ્રાન્ડ યુનિયન કેનાલ બાકીના નગર માટે અમુક સાયકલ કનેક્ટિવિટી પૂરી પાડે છે, પરંતુ સામાન્ય રીતે સક્રિય મુસાફરી માર્ગોને સુધારવાની જરૂર છે.

Northolt માટે વૃદ્ધિ જરૂરી છે, જેને ‘ગાર્ડન સિટી સબર્બ’ ના સિદ્ધાંતો પર તૈયાર કરી શકાય છે જેથી નગર નવા ઘરો દ્વારા સમર્થિત નવી અને ગતિશીલ અર્થવ્યવસ્થા સાથે એક આધુનિક અને સ્થિર ક્ષેત્ર બની શકે છે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

નોર્થોલ્ટ સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, દુકાનો અને ફુરસતની સુવિધાઓની શ્રેણી અને તેમના નગરમાં સલામતીની લાગણી વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Northolt માટે ધ્યેય:

### નોકરીઓ અને વૃદ્ધિ:

વૃદ્ધિથી રોજગારની સુધારેલી તકો, સ્વસ્થ જીવનશૈલી અને વધુ સારી ગુણવત્તાવાળા સ્થાનિક વાતાવરણ આપવાને સમર્થન મળશે. આસપાસના રહેણાંક વિસ્તારો અને લીલી જગ્યાઓ સાથે જોડાણ, અને ચર્ચ રોડ અને મેન્ડેવિલે રોડ પરની વ્યાપારી પ્રવૃત્તિમાં સુધારો કરવામાં આવશે.

નવા સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓના ઍક્સેસ દ્વારા આરોગ્યને સંબોધવામાં ટેકો આપવા માટે આ ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે.

ઔદ્યોગિક અને વ્યાપારી ઉપયોગોનો વિકાસ, (ઉત્પાદન, જથ્થાબંધ, પરિવહન અને સંગ્રહમાં વિશેષતા સાથે) Northolt ના મજબૂત ઔદ્યોગિક આધાર પર નિર્માણ અને A40 સાથે સારી કનેક્ટિવિટી નવી નોકરીઓનું સર્જન કરશે. આ નવા બિઝનેસ સ્ટાર્ટ-અપ અને યોગ્ય પોસાય તેવી જગ્યાઓને સમર્થન આપશે અને Greenford તેમજ Perivale સાથેના સંબંધોને મજબૂત બનાવશે.

મેડલર ફાર્મ, યેડિંગ લેન, રેસકોર્સ, ગ્રેન્જ કોર્ટ, વિલો ટ્રી, અને ઈસ્લિપ મેનોર એસ્ટેટને ઉચ્ચ ગુણવત્તાવાળી જાહેર જગ્યાઓ, સુલભતામાં સુધારણા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહોંચાડવા માટેની તકો સાથે સુધારો કરવામાં આવશે.

### ટાઉન સેન્ટર્સ:

Northolt ના વર્તમાન ટાઉન સેન્ટરને નવા, મિશ્ર-ઉપયોગના વિકાસ દ્વારા સાચવવામાં આવશે અને સુધારવામાં આવશે જેમાં નવા માસ્ટર પ્લાનના ભાગરૂપે હાઉસિંગ, રિટેલ, સેવાઓ અને નવા બસ હબનો સમાવેશ થાય છે જેનો હેતુ સમુદાય અને ફુરસતની સુવિધાઓની જોગવાઈમાં સુધારો કરવાનો પણ છે.

આસપાસ જુદી-જુદી બાજુઓ પર વિકાસ કરીને અને બે ક્ષેત્રો વચ્ચેના સંબંધોમાં  સુધારો કરીને Northolt ટાઉન સેન્ટરને પૂરક બનાવવા માટે અને વિશાળ વિસ્તારના પુનર્જીવનમાં ફાળો આપવા માટે એક નવું વ્હાઇટ હાર્ટ નેબરહુડ સેન્ટર બનાવવામાં આવશે. નવું સેન્ટર વધુ સારા સાર્વજનિક પરિવહન સ્ટોપ, વધુ દુકાનો, સેવાઓ અને આ વિસ્તારમાં રોજગાર, વધુ સામુદાયિક અને ફુરસતની સુવિધાઓ અને જાહેર ક્ષેત્રમાં સુધારાઓ પ્રદાન કરશે.

Northolt માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

### પરિવહન:

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

હાલના પબ્લિક ટ્રાન્સપોર્ટ હબ સુધી ચાલવા અને સાયકલ ચલાવવાના રૂટમાં સુધારો કરવો જેમ કે Northolt ભૂગર્ભ સ્ટેશન, Northolt ના વિવિધ વિસ્તારો વચ્ચેની લિંક્સ અને નજીકના એલિઝાબેથ લાઇન સ્ટેશન સાથેના જોડાણો.

નગર અને પડોશના કેન્દ્રોને નજીકની લીલી ખુલ્લી જગ્યાઓ સાથે જોડવા માટેના પગલાં ઉમેરવા. Northolt ટાઉન સેન્ટરની નજીક લીલી ખુલ્લી જગ્યાઓ માટે સુલભતા, માર્ગ શોધવામાં અને સંકેતોમાં સુધારો કરવો.

### આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ:

રાહદારીઓ અને સાયકલ માર્ગોની 'ગ્રીન રિંગ' બનાવવા માટે હાલના ગ્રીન રૂટમાં સુધારો કરવામાં આવશે અને ગ્રાન્ડ યુનિયન કેનાલને અડીને ટોવપાથ સ્થાનિક લોકો માટે વધુ લોકપ્રિય માર્ગ બનશે. સ્થાનિક જૈવવિવિધતાને બચાવવા માટે, વરસાદી પાણીના પૂરને દૂર કરવા માટે અને હવાની ગુણવત્તામાં સુધારો કરવા અને સમુદાયની જગ્યાઓ પૂરી પાડવા માટે પગલાં લેવાશે.

**સર્વેક્ષણમાં ભાગ લો**

**અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો**




**ચિત્ર:** હૂવર બિલ્ડીંગને ટેસ્કો સુપરસ્ટોર માટે ફરીથી ઉપયોગમાં લેવામાં આવી છે.



# Perivale ટાઉન પ્લાન

Perivale નગરની ઉત્તરમાં આવેલું છે, તેનો વિકાસ 20મી સદીના શરૂઆતના અડધા ભાગ દરમિયાન થયો હતો, જેમાં ઈન્ટર-વોર હાઉસિંગ અને વેસ્ટર્ન એવન્યુમાં રોકાણ માટે ઈન્ડસ્ટ્રીયલ મેન્યુફેક્ચરિંગ મુખ્ય પ્રેરક છે, જે Perivale ને London સાથે જોડે છે. Perivale આજે ઉપનગરીય ગુણ ધરાવે છે. આ નગરે દાયકાઓથી મધ્યમ સ્તરનો વિકાસ જોયો છે, અને Perivale પાર્ક, Perivale વેટલેન્ડ્સ અને ગ્રાન્ડ યુનિયન કેનાલ જેવી અસંખ્ય લીલી જગ્યાઓથી લાભ મેળવે છે.

Perivale મૂલ્યવાન સમુદાય અને કુદરતની અસ્કયામતો ધરાવે છે જેમ કે Perivale હાઇવ અને Perivale કોમ્યુનિટી સેન્ટર. બિલ્ટન રોડ અને મેડવે પરેડ પર શોપિંગની હારમાળા છે જે ખોરાક અને ખરીદીના મર્યાદિત વિકલ્પો પૂરા પાડે છે, અને સ્થાનિક લોકો ઘણીવાર ખરીદી કરવા માટે Greenford બ્રોડવે જેવા નગરમાં અન્ય સ્થળોએ મુસાફરી કરે છે.

આજે Perivale માં મૂલ્યવાન ઔદ્યોગિક જમીનની ઊંચી સાંદ્રતા છે જે વિસ્તાર માટે મોટી રોજગારી પૂરી પાડે છે, અને નવી નોકરીઓની શ્રેણીના પરિણામે ઔદ્યોગિક જમીનને વધુ સઘન બનાવવાની તક છે.

ઘણા સ્થાનિક લોકો મધ્ય London માં જવા માટે ભૂગર્ભ સ્ટેશનનો ઉપયોગ કરે છે; A40 અને ઔદ્યોગિક પ્રવૃત્તિને કારણે Perivale ટ્રાફિક ભીડ અને ખંડિત રોડ નેટવર્કથી પીડાય છે.

Perivale ના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, ચાલવા અને સાયકલ ચલાવવાના માર્ગો અને નોકરીની તકો વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

Perivale ના સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, તેમનો વિસ્તાર જે રીતે બદલાઈ રહ્યો છે, સલામતીની લાગણી, ચાલવા અને સાયકલ ચલાવવાના માર્ગો અને નોકરીની તકો વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

## Perivale માટે ધ્યેય

**નોકરીઓ અને વૃદ્ધિ:**

વિકાસથી શહેરના છૂટક, રહેણાંક, સમુદાય અને કુદરતના વિકલ્પોમાં વધુ વિવિધતા આવશે અને નબળી હવાની ગુણવત્તા અને ઔદ્યોગિક પ્રવૃત્તિને કારણે થતી પર્યાવરણીય અસરોને ઉકેલવા માટે લીલી ખુલ્લી જગ્યાઓ માટે વધુ સારો ઍક્સેસ, અને ઉન્નત સ્ટ્રીટસ્કેપ્સ માટે તકો મળશે.



**ચિત્ર:** Perivale નું ઔદ્યોગિક હબ.



પડોશી નગરો સાથે જોડાણ સુધારવા માટે સારી રીતે જોડાયેલા ઔદ્યોગિક હબ તરીકે શહેરોની આર્થિક ઓળખ વિકસાવવામાં આવશે, જેથી નાના ઉદ્યોગો અને નવા સ્ટાર્ટ-અપ્સ માટે રોજગારની સારી તકો અને પોસાય તેવા કાર્યસ્થળોની શ્રેણી પૂરી પાડી શકાય.

**પરિવહન:**

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

A40 ને કારણે થતી સમસ્યાઓનું નિરાકરણ અને ઔદ્યોગિક વસાહતોની આસપાસ ચાલવા અને સાયકલ ચલાવવામાં સુરક્ષા લાવવી.

સાર્વજનિક પરિવહન જોડાણમાં સુધારો કરવો, Perivale પાર્ક પશ્ચિમથી Greenford ટાઉન સેન્ટર સુધી કોરિડોર, Hanwell માં દક્ષિણથી ટ્રમ્પર્સ લેન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અને ગ્રાન્ડ યુનિયન કેનાલ અને A40 સાથે જેવા રોડ ક્રોસિંગ અને સક્રિય મુસાફરી માર્ગો બનાવવા અને વધારવા.

ચાલવાને અને સાયકલ ચલાવવાને પ્રાથમિકતા આપવા માટે ઔદ્યોગિક ટ્રાફિકનું પ્રભુત્વ ધરાવતા રસ્તાઓ પર ટ્રાફિક મેનેજમેન્ટ લાગુ કરવામાં આવશે.

## નજીકની લીલી ખુલ્લી જગ્યાઓ માટે સક્રિય મુસાફરી માર્ગોને સુધારવાની જરૂર અને તક છે.

**ટાઉન સેન્ટર્સ:**

Perivale (બિલ્ટન રોડ) ખાતે હાલનું નેબરહુડ સેન્ટર અને મેડવે પરેડ ખાતે લોકલ સેન્ટરથી વધુ સારા જાહેર પરિવહન સાથે અને ઉપલબ્ધ સેવાઓની શ્રેણીમાં વિસ્તરણ કરીને સ્થાનિક લોકોની રોજિંદી જરૂરિયાતોને પહોંચી વળવામાં સુધારો થશે.

Horsenden લેન દક્ષિણ પર એક નવું લોકલ સેન્ટર સ્થાનિક લોકોની જરૂરિયાતોને પહોંચી વળવાને પ્રોત્સાહન આપશે અને જાહેર ક્ષેત્ર તેમજ સક્રિય મુસાફરી માર્ગોની ગુણવત્તામાં સુધારો કરશે.

Perivale માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

**સર્વેક્ષણમાં ભાગ લો**

અમને તમારા મંતવ્યો આપવા માટે અહીં ક્લિક કરો અથવા QR કોડને સ્કેન કરો

**દિવસ અને રાત્રિ દરમિયાન છૂટક અને અન્ય સેવાઓની શ્રેણીમાં સુધારો કરવો અગત્યનો છે.**



**ચિત્ર:** સાઉથ રોડ, Southall.

## Southall ટાઉન પ્લાન

Southall એ UK માં સૌથી વધુ વૈવિધ્યસભર વિસ્તારો પૈકીનું એક છે જેમાં Southall ની 86% વસ્તી બિન-શ્વેતતરીકે ઓળખાય છે. Southall માં બે મુખ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે, પહેલું Southall ટાઉન સેન્ટર છે જે ખોરાક, છૂટક અને ફેશનની દુકાનોની વિશાળ શ્રેણી ધરાવે છે, અને બીજું કિંગ સ્ટ્રીટ નેબરહુડ સેન્ટર છે જે મોટે ભાગે સુવિધાનો સામાન ધરાવે છે.

Southall નો ઔદ્યોગિક વિસ્તાર લગભગ 400 વ્યવસાયોનું કેન્દ્ર છે, જે 4,000 નોકરીઓ પૂરી પાડે છે. ઇન્ટરનેશનલ ટ્રેડિંગ, ફેધરસ્ટોન અને બ્રિજ રોડ ઔદ્યોગિક વસાહતો સહિત અમુક નાના ક્ષેત્રો સાથે, ગ્રેટ વેસ્ટર્ન સ્ટ્રેટેજિક ઇન્ડસ્ટ્રીયલ સ્થાનની અંદર વ્યવસાયોનું ઝુંડ છે.

**તમે અમને શેપિંગ Ealing સર્વે દ્વારા શું કહ્યું છે:**

સ્થાનિક લોકો પોસાય તેવા ઘરો, સલામતીની લાગણી, ચાલવા અને સાયકલ ચલાવવાના માર્ગો, હવાની ગુણવત્તા, ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓની સ્વચ્છતા અને સલામતી તેમજ સારી નોકરીની તકોના અભાવ વિશે ચિંતિત છે. તેમ છતાં, સ્થાનિક લોકો દ્વારા સાર્વજનિક પરિવહન અને સામુદાયિક જોડાણને વધુ ઊંચુ મૂલ્ય આપવામાં આવ્યું છે.

### Southall માટે ધ્યેય

Southall ઝડપી પરિવર્તનશીલ વિકાસ અને રોકાણમાંથી પસાર થઈ રહ્યું છે. Southall રાષ્ટ્રીય મહત્વના સ્થળ તરીકે મુખ્ય ભૂમિકા ભજવે છે અને ત્યાં તાજેતરના વિકાસની માત્રા અને ગતિ વિશે સ્થાનિક લોકોમાં ચિંતાઓ છે. લોકલ પ્લાન એ સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે કે ભવિષ્યમાં કોઈપણ વિકાસ રોજગારની આગેવાની હેઠળ હોય અને તેનું પ્રમાણ વધુ મધ્યમ હોય.

**નોકરીઓ અને વૃદ્ધિ:**

નવી વૃદ્ધિ વંચિતતા, ઓછા પગાર અને નબળા સ્વાસ્થ્યનો ઉકેલ લાવવાની તક રજૂ કરે છે. રોકાણથી રોજગારીની તકો, આંતર-પેઢીના જીવનની સગવડ અને ચોક્કસ આવાસની જરૂરિયાતો પૂરી કરવા, તંદુરસ્ત જીવનશૈલી, વધુ હરિયાળી શેરીઓનું સમર્થન કરવા, અને વધુ સારી ગુણવત્તાવાળા સ્થાનિક વાતાવરણને પ્રાપ્ત કરવા માટે સારી રીતે રચાયેલા નવા આવાસ સહિત પોસાય તેવા ઘરો મળી શકશે.

વૃદ્ધિ આના પર કેન્દ્રિત હશે: મિશ્ર ઉપયોગની સ્કીમો દ્વારા Southall સ્ટેશન, વેસ્ટ Southall (Southall ગ્રીન ક્વાર્ટર) અને પૂર્વ Southall (મિડલસેક્સ બિઝનેસ સેન્ટર અને હની મોન્સ્ટર સાઇટ્સ) પર, વધુ લીલી અને જાહેર જગ્યાઓ અને બાકીના નગર સાથે કનેક્ટિવિટી સુધારવી.

રોજગાર જગ્યાઓની વધુ વિવિધતા, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે વધુ પરવડે તેવા અને સંચાલિત કાર્યસ્થળો અને, જ્યાં યોગ્ય હોય ત્યાં, નવા આવાસ સહિત મિશ્ર ઉપયોગની સઘનતા વધારવા સાથે Southall નો ઔદ્યોગિક આધાર (જથ્થાબંધ, વેરહાઉસિંગ, લોજિસ્ટિક્સ અને પરિવહનમાં વિશેષતા સાથે) સુરક્ષિત, સમર્થિત અને ઉન્નત કરવામાં આવશે.

વેસ્ટ લંડન કોલેજ ગ્રીન સ્કીલ્સ હબ ગ્રીન જોબ્સનું સર્જન કરવામાં મદદ કરશે અને ગરીબી અને વંચિતતાની પરિસ્થિતિઓને પહોંચીવળવા માટે એક સમાવેશી અર્થતંત્ર યોજના વિકસાવવામાં આવશે. Southall માં ફિલ્મ સ્ટુડિયો કેમ્પસ સ્થાપવાની તક પણ હિતધારકો સાથે મળીને શોધવામાં આવશે.

અમે સુનિશ્ચિત કરીશું કે નવો વિકાસ સર્વોચ્ચ ડિઝાઇન ધોરણોને પૂર્ણ કરે અને સ્થાનિક ગુણને સકારાત્મક પ્રતિસાદ આપે. અમે નોરવૂડ ગ્રીન કન્ઝર્વેશન એરિયા અને નોરવુડ હોલ સહિત હેરિટેજ અસ્કયામતોના ભાવિ સમારકામ, ફરી ઉપયોગ અને લાંબા ગાળાના અસ્તિત્વને જાળવી રાખવા માટે પગલાં લઈશું, ગ્રાન્ડ યુનિયન કેનાલની બાજુમાં જાહેર ક્ષેત્ર અને ઇકોલોજીમાં સુધારાઓ કરીશું.

ખાસ કરીને નોરવૂડ ગ્રીન, Southall બ્રોડવે અને Southall ગ્રીન વોર્ડમાં વધુ ખરા અર્થમાં પોસાય તેવા આવાસો આપવામાં આવશે. ગોલ્ફ લિંક્સ એસ્ટેટ અને હેવલોક એસ્ટેટના ભાવિ પુનઃવિકાસને કારણે નવી સામાજિક માળખાકીય સુવિધાઓ અને વધુ સુવિધાવાળી માલસામાનની દુકાનોને પ્રોત્સાહન મળશે.



**ચિત્ર:** કિંગ સ્ટ્રીટ, Southall.

## સર્વેક્ષણમાં ભાગ લો

**અમને તમારા મંતવ્યો આપવા માટે <u>અહીં ક્લિક કરો</u> અથવા QR કોડને સ્કેન કરો**

### ટાઉન સેન્ટર્સ:

છૂટક, વ્યાપારી, ફુરસત અને સામુદાયિક ઉપયોગોની વધુ સારી શ્રેણી પૂરી પાડવા માટે Southall ટાઉન સેન્ટરને સુધારવામાં આવશે. સ્ટેશનની આસપાસની જાહેર જગ્યાઓને સુધારવાની અને આસપાસની વિકાસ સાઇટ્સ અને નગરો સાથે વધુ સારી કનેક્ટિવિટી લાવવાની, તેમજ કામકાજના સમયની બહારની સેવાઓને સમર્થન આપવાની દરખાસ્તો હશે.

કિંગ સ્ટ્રીટ નેબરહુડ સેન્ટર (West Southall) વધુ દુકાનો, નવા ઉપયોગો, સેવાઓ, રોજગારની તકો, જાહેર જગ્યાઓ અને પગપાળા માર્ગોના ઉન્નતિકરણો સાથે Southall ટાઉન સેન્ટરને પૂરક બનશે.

જાહેર પરિવહન અને સક્રિય મુસાફરી, જાહેર જગ્યાઓ, લીલી અને ખુલ્લી જગ્યાઓ માટે Southall ગ્રીન ક્વાર્ટરનો વિકાસ સ્કીમના સમયગાળા દરમિયાન સુધારાઓ સાથે ચાલુ રાખવામાં આવશે. સામાજિક અને સામુદાયિક માળખાના સુધારામાં નવી પ્રાથમિક શાળા, સામુદાયિક ઇમારતો, આરોગ્ય કેન્દ્ર અને સ્થાનિક જરૂરિયાતોને પહોંચીવળવા માટે હકીકતમાં પરવડે તેવા આવાસ અને અન્ય પ્રકારના ઘરો પૂરા પાડવાનો સમાવેશ થશે.

ભૂતપૂર્વ હની મોન્સ્ટર અને મિડલસેક્સ બિઝનેસ સાઇટ્સ વધુ સ્થાનિક જરૂરિયાતોને સમર્થન આપવા માટે, એકમના કદની શ્રેણીમાં આવાસ અને રોજગાર માટે મિશ્ર ઉપયોગનો વિકાસ કરશે જેમાં નાના અને મધ્યમ વ્યવસાયો, સગવડતાના છૂટક વ્યવસાયો, સમુદાય અને નહેર બાજુના ફુરસતના ઉપયોગનો સમાવેશ થાય છે. સનરાઈઝ રેડિયો ઈમારતને જાળવી રાખવામાં આવશે અને તેમાં સુધારા કરવામાં આવશે.

ડોર્મર્સ વેલ્સ, લેડી માર્ગારિટ અને ગ્રીનફોર્ડ ટાઉન સેન્ટર વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે જાહેર જગ્યાઓ અને સાઈનપોસ્ટમાં સુધારો કરવામાં આવશે.

Southall માં 20-મિનિટના ક્ષેત્રોનો અમલ કરવામાં આવશે જ્યાં રહેવાસીઓ તેમના ઘરેથી 20-મિનિટ ચાલીને રોજિંદી જરૂરિયાતો પૂરી કરી શકે છે. આમાં ખરીદીની સુવિધાઓ, ફુરસતની પ્રવૃત્તિઓ, શાળાઓમાં પ્રવેશ, સ્થાનિક આરોગ્યની સેવાઓ જેમ કે GP પ્રેક્ટિસ અને કામના આદર્શ સ્થળોનો સમાવેશ થાય છે.

### પરિવહન:

પરિવહનમાં સુધારાઓ કરવામાં આવશે, જેમ કે;

વધુ સારા પગપાળા રસ્તાઓ અને સલામત સાયકલ માર્ગો જેમ કે લેડી માર્ગારિટ રોડથી ગ્રાન્ડ યુનિયન કેનાલ સુધી અને ઉક્સબ્રિજ રોડ સાથે ચાલતો કોરિડોર. અમે ઉચ્ચ ગુણવત્તાવાળા સક્રિય મુસાફરી નેટવર્ક સ્થાપિત કરવા માટે અને Heathrow એરપોર્ટ પર 24-કલાક જાહેર પરિવહનના જોડાણમાં સુધારો કરવા માટે હિતધારકો સાથે મળીને પણ કામ કરીશું.

જાહેર પરિવહન સેવા આપવા માટે અને હેવલોક એસ્ટેટને મેરિક રોડ સાથે જોડવા માટે મુસાફરી સક્રિય કરવા માટે માર્ગ પૂરો પાડવો. સક્રિય મુસાફરીના પગલાં લેવા, કેનાલ ટોવ પાથ અને મેરિક રોડ અને ગ્રાન્ડ યુનિયન કેનાલ વચ્ચેની જાહેર જગ્યાઓમાં સુધારો કરવો.

### આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ:

આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા કરવામાં આવશે, જેમ કે:

વૃક્ષારોપણ કરીને અને સલામતી વધારવાની રીતો શોધીને, Southall ના પશ્ચિમ અને દક્ષિણ ભાગોમાં વધુ લીલી ખુલ્લી જગ્યાઓ પૂરી પાડવી.

બ્રેન્ટ વેલી અને ગ્રાન્ડ યુનિયન કેનાલમાં પગપાળા રસ્તાઓ અને સાયકલ ઍક્સેસ અને સાઇનપોસ્ટિંગમાં સુધારો કરવો.

જ્યુબિલી ગાર્ડન્સ અને લેડી માર્ગારિટ રોડ તબીબી કેન્દ્રો પર પ્રાથમિક આરોગ્યસંભાળ સુવિધાઓની પહોંચમાં સુધારો કરવો અને નવા વિકાસમાં આરોગ્ય સુવિધાઓ અને અન્ય સેવાઓ માટે જગ્યા માટેની તકોની ઓળખ કરવી, તેમજ સાઉથ-ઈસ્ટર્ન Southall માં બંધબેસતા પ્રોજેક્ટ્સ લાગુ કરવા.

અમારા રહેવાસીઓ સામાજિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મહત્ત્વ આપે છે તે ધ્યાનમાં રાખી અને તેથી હાલની સામાજિક સુવિધાઓમાં સુધારો અને નવીકરણ કરવું અને નવી સામાજિક માળખાકીય તકોની ઓળખ કરવી.

## અમારા ટૂંકા સર્વેમાં ભાગ લો!

અમે દરેક ટાઉન પ્લાનના અંતે ટૂંકા સર્વેની લિંક મૂકી છે પરંતુ જો તમે તેને ચૂકી ગયા હો તો ચિંતા કરશો નહીં!

નીતિઓ સાથે સંપૂર્ણ દસ્તાવેજ મેળવવા માટે **અહીં ક્લિક કરો** અથવા QR કોડ સ્કેન કરો.

અમને તમામ સોશિયલ મીડિયા ચેનલો પર ફોલો કરો અને Ealing કાઉન્સિલ રેગ્યુલેશન 18 કન્સલ્ટેશન વિશે વધુ જાણવા માટે અમારી વેબસાઇટની મુલાકાત લો.

Ealing
www.ealing.gov.uk

SHAPING EALING

Your Local Plan